જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૭/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૫૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૪૬ લીટર દેશી દારૂ, ૨૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૮૨ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૧૦ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૪૯,૧૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૫૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૫૮/૨૦૨૫**

શાહપુરઃ રાજેશભાઈ સુખલાલ દાતણીયા (ઉ.વ.૪૨) (રહે. મંગળ પારેખનો ખાંચો કપાલીદાસની પોળ અંદર મ્યુનિસિપલ દવાખાનની બાજુમાં શાહપુર) એ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૫/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૬૫૪૨૧૮૩૫૧ અને ૮૮૨૬૬૨૭૫૧૧ ના ધારકોએ રાજેશભાઈ દાતણીયાને લોન પાસ કરી આપવાનુ જણાવી રાજેશભાઈ દાતણીયા પાસેથી વ્હોટ્સએપ ઉપર રાજેશભાઈ દાતણીયાના જરૂરી દસ્તાવેજ મંગાવી લઈ રાજેશભાઈ દાતણીયાને રૂપિયા ૯૦ લાખની લોન પાસ થઇ ગયેલ હોવાનું જણાવી સિક્યુરીટી ડિપોઝીટ પેટે રૂપિયા ૭૨,૪૭૦/– તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી લઇ, લોન પાસ નહી કરાવી છેતરપીડીં કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એસ.રાવલ ચલાવે છે.

આનંદનગરઃ વંદનાબહેન વા/ઓ બીપીનભાઇ નીખલ (રહે. મુરલીધર સ્કાય પેટ્રોલપંપ સામે ઈસનપુર) એ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) રણછોડભાઇ મનજીભાઇ ચૌધરી અને (૨) પરેશ માવજીભાઇ જોષી (બન્ને રહે. પટેલ વાસ ગામ–ભાખરી તા–વાવ જી–બનાસકાંઠા) એ ભેગા મળી તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ આનંદનગર દેવપ્રીય કોમ્પ્લેક્ષ નટરાજ મેડીકલ સામે ડ્રિમ કાર્સ સેલ્ફ ડ્રાઇવ કાર રેન્ટ સર્વીસ માંથી ડ્રિમ કાર્સના માલીક નાઓનો વિશ્વાસ કેળવી ઇનોવા ક્રિસ્ટા કાર નંબર જીજે ૦૧ આરઝેડ ૦૬૬૬ કિમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– ભાડે લઇ જઇ આજદિન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હરપાલસિંહ પ્રભાતસિંહ ચલાવે છે.

મેઘાણીનગરઃ ભુપેશ મણીલાલ પરીખ (ઉ.વ.૫૪) (રહે. ભીમરાવનગર સોસાયટી શારદા સ્કુલ પાછળ કલાપીનગર મેઘાણીનગર) એ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ મોબાઈલ નંબર ૮૭૨૬૪૬૮૮૬૯ તથા ૮૬૯૫૦૫૯૫૬૩ ના ધારકોએ ભેગા મળી ભુપેશ પરીખ નાઓને ફોન કરી એસ.બી.આઈ.ક્રેડીટ કાર્ડ ડીપાર્ટમેન્ટમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી વિશ્વાસમાં લઈ ભુપેશ પરીખ નાઓના એસ.બી.આઈ. ક્રેડીટકાર્ડ ની વિગત તેમજ ઓટીપી નંબર મેળવી લઇ ભુપેશ પરીખ નાઓના એસ.બી.આઇ. ક્રેડીટકાર્ડમાંથી કુલ રૂપિયા ૧,૮૩,૩૨૪/- નુ ટ્રાન્ઝેકશન કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એસ.પટેલ ચલાવે છે.

નિકોલઃ વિક્રમસિંહ રણજીતસિંહ રાજપુત (ઉ.વ.૨૧) (રહે. રામદેવનગર ટેકરા નિકોલ ગામ રોડ નિકોલ) એ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૪/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન વિક્રમસિંહ રાજપુતનાઓને વતન ખાતે ફટાકડાનો સ્ટોલ કરવો હોઇ, ગુગલ પર ફટાકડાના હોલસેલર વેપારી DARSHAN UNIQ SFX ના ઓનર દર્શનભાઇનો મોબાઈલ નંબર ૮૧૨૮૧૬૦૯૫૮ મળી આવતા તેમનો કોન્ટેક્ટ કરી, દર્શનભાઈ પાસેથી હોલસેલ ફટાકડાનો ઓનલાઇન ઓર્ડર આપી, તેની ખરીદી પેટે યુ.પી.આઇ આઇ.ડી સ્કેનરથી દર્શનભાઇના બેંક ખાતાઓમાં ટુકડે-ટુક્ડે મળી કુલ રૂપિયા ૫૫,૯૮૦/- ચુકવેલ હોવા છતા આજિદન સુધી ફટાકડા નહી આપી તેમજ આપેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એસ.વાઘેલા ચલાવે છે.

કાઇમ બ્રાન્ચઃ રૂસ્તમ જહાંગીર કામા (ઉ.વ.૫૩) (રહે. કામા બંગલો કામા હોટલની બાજુમાં મહાવીર માર્ગ ઓલ્ડ સીટી, ખાનપુર) એ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ કાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૩/૨૦૧૪ થી તા.૧૨/૧૦/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મનીષ.આર.વાદી (રહે. આલોક એપાર્ટમેન્ટ પી.ટી કોલેજ રોડ પાલડી) અને (૨) મીઠાલાલ સાંકલાજી પરમાર (રહે. બ્લોક નં-૩ આંબેડકર કોલોની માઉન્ટ આબુ રાજસ્થાન) એ ભેગા મળી કામા રાજપુતાના કલ્બ રીસોર્ટ ખાતેથી રૂસ્તમ કામાની જાણ બહાર આઇડીએસ સીસ્ટમમાં અલગ-અલગ નામથી સેટલમેન્ટ એકાઉન્ટ ખોટા અને બનાવટી બનાવી તેમજ ગ્રાહક તરફથી બુકીંગના નાણાં ઓનલાઇન બેંકમાં આપેલ હોવા છતાં બેંક સ્ટેટમેન્ટમાં સુધારો કરી તે નાણાંને બેંકમાં રોકડમાં જમા કરાવેલ હોવાના ખોટા અને બનાવટી બેંક સ્ટેટમેન્ટ બનાવી તેમજ આઇડીએસ સીસ્ટમની બેંક બુકમાં ખોટી અને બનવાટી એન્ટ્રીઓ કરી કુલ રૂપિયા ૧,૭૦,૪૦,૪૨૫/- ઉચાપત કરી તેમજ આ મનીષભાઇ વાદીએ રૂસ્તમ કામાની બાકીની કંપનીઓના હિસાબ આજદિન સુધી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ કાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ-૪, પો.ઈ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

શાહીબાગઃ મગનભાઇ રૂપાભાઇ પટેલીયા (ઉ.વ.૪૬) (રહે. રેપીડ ડીવ પ્રવોસ્ટ યુનીટ હનુમાન કેમ્પ શાહીબાગ) એ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૭/૨૦૨૫ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૮૩૩૧૯૫૨૩૬ ના ધારકે વોટસએપ કોલ કરી મગનભાઇ પટેલીયાના ક્રેડીટ કાર્ડ ઉપર ઇન્સ્યોરન્સ ચાલુ થઇ ગયેલ છે તેમ જણાવી ઇન્સ્યોરન્સ બંધ કરવા સારૂ મગનભાઇ પટેલીયાના વોટસએપમાં એક લીંક મોકલી મગનભાઇ પટેલીયાના એસ.બી.આઇ. બેંકના ક્રેડીટકાર્ડની વિગત ભરાવડાવી કુલ રૂપિયા ૫૬,૮૧૪/- ઓનલાઇન ટ્રાન્જેકશન મારફતે મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એ.આંબલીયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૦૫૯/૨૦૨૫**

અમરાઈવાડીઃ રમાશંકર રામલાલ ગુપ્તા (રહે. હીરાબેન હેમચંદ ગુપ્તાની ચાલી ભીલવાડા મેટ્રો પિલ્લર નંબર ૫૮ સામે અમરાઈવાડી) એ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૭/૨૦૨૫ થી તા.૨૬/૦૭/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૧૧,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.મીયાત્રા ચલાવે છે.

રાણીપઃ જગદીશભાઇ ગણપતભાઈ પટેલ (ઉ.વ.૬૩) (રહે. રમેશપાર્ક સોસાયટી ઉસ્માનપુરા) એ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૭/૨૦૨૫ કલાક ૧૨/૩૦ વાગ્યાથી તા.૨૮/૦૭/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન રાણીપ રામજી મંદીર પ્રગટલક્ષ્મી સોસાયટી રોડ વિભાગ–૦૧ ખાતે રહેતા જગદીશભાઇ પટેલના બહેનના મકાનની બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના, ચાંદીની પુજાવાળી થાળી, મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧,૪૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.વાય.વ્યાસ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૦૬૦/૨૦૨૫**

ઈસનપુરઃ પ્રહલાદભાઇ નટવરભાઇ પટેલ (ઉ.વ.૫૫) (રહે. સન વિલા બંગ્લોઝ માધવ ફાર્મ સામે વસ્ત્રાલ રામોલ) તા.૨૮/૦૭/૨૦૨૫ કલાક ૧૨/૪૦ વાગ્યાના સુમારે નારોલ સર્કલથી ઇસનપુરબ્રિજ સુધીની શટલ ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ નજર ચુકવી પ્રહલાદભાઇ પટેલના હાથમાં પહેરેલ સોનાની લકી કિમત રૂપિયા ૧,૭૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ પ્રહલાદભાઇ પટેલે ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર સોલંકી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૬૧/૨૦૨૫**

દરિયાપુરઃ દરિયાપુર ગોલવાડ ખાતે રેડીમેડનાં કારખાનામાં કારીગર તરીકે કામ કરતા સંજયસિંહ કિશનસિંહ તોમર (ઉ.વ.૨૫)(રહે. સરસપુર કાલુપુરબ્રિજ નીચે) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૭/૨૦૨૫ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા દરિયાપુર ગોલવાડ ખાતેના રેડીમેડનાં કારખાનામાં છતનાં હુક સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દરિયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી